**Paper Code – 3912/4012**

# M.A. Sem – ECONOMICS (Old/New Course)

## Mar-Jun - 2021

## CC-302 - INTERNATIONAL ECONOMICS – 1 (Theory)

**કુલ સમય :– ૬૦ મીનીટ  કુલ પ્રશ્નો : ૫૦  વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

1. બે દેશો વચ્ચે વેપાર માટે ઉત્પાદન ખર્ચનો ક્યો તફાવત અગત્યનો છે?
   (A) સમાન (B) નાણાકીય (C) નિરપેક્ષ (D) સાપેક્ષ
2. તુલનાત્મક ખર્ચના સિદ્ધાંત અનુસાર દેશને જે વસ્તુના ઉત્પાદનમાં તુલનાત્મક રીતે ખર્ચ ઓછું થતું હશે તેની તે દેશ .....
   (A) નિકાસ કરશે (B) આયાત કરશે (C) ઓછું ઉત્પાદન કરશે (D) તેનું ખર્ચ વધારશે
3. ક્યા દેશો વચ્ચે વેપાર થાય નહીં.?
   (A) જે દેશમાં બન્ને વસ્તુના મૂલ્યો સરખા હોય. (B) જે દેશમાં વસ્તુઓનું ઉત્પાદન ખર્ચ સરખું હોય
   (C) ઉપરોક્ત બન્ને (D) ઉપરનામાંથી એક પણ નહીં
4. ફેન્ક ગ્રેહામના મતે કેવા દેશ માટે સંપૂર્ણ વિશિષ્ટીકરણ શક્ય છે?
   (A) નાનો દેશ (B) મોટો દેશ (C) આયાત કરનાર દેશ (D) નિકાસ કરનાર દેશ
5. આંતરરાષ્ટ્રીય વેપારનો વૈકલ્પિક ખર્ચ તફાવતનો સિદ્ધાંત કોણે રજૂ કર્યો છે?
   (A) પ્રો. એડમ સ્મિથ (B) પ્રો. હેબરલર (C) પ્રો. હેકસર –ઓહલિન (D) પ્રો. પીગુ
6. ઓહલિનના સિદ્ધાંત અનુસાર .....
   (A) ભાવ તફાવત ને લીધે વેપાર થતો નથી. (B) હુંડિયમણનો દર નક્કી કરે
   (C) ભાવનો તફાવત જ વેપારનું મૂળ કારણ છે. (D) ઉપરનામાંથી એક પણ નહીં
7. પ્રો. હેકસર – ઓહલિનના સિદ્ધાંતમાં કઈ ધારણા કરાઇ છે?
   (A) ઉત્પાદન સાધનો અસ્થિર (B) બે દેશ બે વસ્તુ અને બે ઉત્પાદન ના સાધનો
   (C) ઉત્પાદનના સાધનો સમાનગુણી (D) ઉપરનામાંથી એક પણ નહીં
8. આંતરરાષ્ટ્રીય વેપારઅંગેનો પ્રશિષ્ટ સિદ્ધાંત આર્થિક વિશ્લેષણ માટેનું ગૂંચવડાભર્યું અને ભય જનક સાધન છે.... આ વિધાન કોનું છે?
   (A) પ્રો. એડમ સ્મિથ (B) પ્રો. ડેવિડ રિકાર્ડો (C) પ્રો. હેબરલર (D) પ્રો. હેકસર
9. પ્રો. ડેવિડ રિકાર્ડોએ વેપારથી કેવો લાભ જણાવે છે?
   (A) વસ્તુના ઉત્પાદનમાં વધારો (B) તુષ્ટિગુણમાં થતો વધારો
   (C) A અને B બન્ને (D) ઉપરનામાંથી એક પણ નહીં
10. વેપાર શરતોનો કયો પ્રકાર કલ્યાણ સાથે સંકળાયેલ છે?
    (A) વાસ્તવિક ખર્ચ વિનિમય શરતો (B) તુષ્ટિગુણ વિનિમય શરતો
    (C) કાચી સાટા વિનિમય શરતો (D) બે સાધન વિનિમય શરતો
11. વેપારની સાધન શરતનો ખ્યાલ કોણે રજૂ કર્યો?
    (A) પ્રો. હેબરલર (B) પ્રો. જેકોબવાઇનર (C) પ્રો. મિલ (D) પ્રો. માર્શલ
12. ક્યા સંજોગોમાં વેપારની શરત અનુકૂળ બને?
    (A) આયાતી અને નિકાસી બન્ને વસ્તુના ભાવ ઘટે પરંતુ આયાતી વસ્તુના ભાવ વધારે ઘટે
    (B) આયાતી અને નિકાસી બન્ને વસ્તુના ભાવ વધે પરંતુ નિકાસી વસ્તુના ભાવ વધારે વધે
    (C) ઉપરોક્ત બન્ને
    (D) ઉપરનામાંથી એક પણ નહીં
13. વેપારની સાદી શરત કોણે રજૂ કરી?
    (A) પ્રો. વાઇનર (B) પ્રો. હેબરલર (C) પ્રો. ટાઉસિંગ અને મિલ (D) પ્રો. માર્શલ
14. જે.એસ. મિલ ના મતે વેપારની શરત શા ને આધારે નક્કી થાય છે?
    (A) વસ્તુનું ઉત્પાદન ખર્ચ (B) વસ્તુની ઉત્પાદકતા
    (C) વસ્તુનું ઉત્પાદન અને અસરકારક માંગ (D) પારસ્પરિક માંગ
15. વેપારની શરતો ને કયા પરિબળો અસર કરે છે?
    (A) માંગ અને પુરવઠાની મૂલ્ય સાપેક્ષતા (B) માંગનું પ્રમાણ (C) ચલણના મૂલ્યમાં ફેરફાર D) ઉપરોક્ત તમામ
16. જે દેશ પોતાના ચલણનું અવમૂલ્યન કરે તેની વેપાર શરત .....
    (A) સાનુકૂળ બને (B) સ્થિર બને (C) પ્રતિકૂળ બને (D) માંગને અનુકૂળ બને
17. પ્રો. હેકસર ઓહલિનના મતે વસ્તુના ઉત્પાદન ખર્ચમાં તફાવત પડવાનું કારણ શું છે?
    (A) વસ્તુની માંગ (B) ઉત્પાદન સાધનોનું સાપેક્ષા પ્રમાણ
    (C) A અને B બન્ને (D) ઉપરનામાંથી એક પણ નહીં
18. પારસ્પરિક માંગના સિદ્ધાંતમાં કઈ બાબત રજૂ કરાયેલ છે?
    (A) વેપાર શરત બન્ને દેશોની એકબીજાની વસ્તુઓની માંગ પર આધાર રાખે છે.
    (B) આયાત અને નિકાસ નું મૂલ્ય સરખું થાય એ સમતુલાની શરત છે
    (C) વેપારની શરત બન્ને દેશો માટે વસ્તુના ઉત્પાદન ખર્ચની લઘુત્તમ અને મહત્તમ સપાટી વચ્ચે નક્કી થશે.
    (D) ઉપરોક્ત તમામ
19. આંતરરાષ્ટ્રીય વેપારનો લાભ એટલે વિશ્વના ઉત્પાદક પરિબળોનો વધુ કાર્યક્ષમ ઉપયોગ ...આ વિધાન કોનું છ?
    (A) પ્રો. જે એસ મિલ (B) પ્રો. હિક્સ (C) પ્રો. માર્શલ (D) પ્રો. જેકોબ વાઇનર
20. આંતરરાષ્ટ્રીય વેપાર ઉદભવવાનું કારણ શું છે?
    (A) માનવ જરૂરિયાતો અમર્યાદિત (B) ઉત્પાદનના સાધનોનું પ્રમાણ અલગ – અલગ
    (C) ભૌગોલિક શ્રમ વિભાજન (D) ઉપરોક્ત તમામ
21. વૈકલ્પિક ખર્ચ તફાવતનો આધાર શાના પર છે?
    (A) ઉત્પાદન શક્યતા રેખાના ઢાળ પર (B) અવેજદર પર (C) પૂરકદર પર (D) સ્થિરદર પર

22. ઘટતા ખર્ચની ઉત્પાદન શક્યતા રેખા કેવા પ્રકારની હોય છે ?
(A) અંતર્ગોળ (B) બહિર્ગોળ (C) સીધી (D) આડી

23. વેપારની સાદી શરતનો અર્થ શું છે?
(A) જે દરે બે દેશોમાં બે વસ્તુની લેવડ – દેવડ થાય તે (B) જે દરે બે દેશોમાં વસ્તુનું ખર્ચ થાય છે તે
(C) જે દરે બે દેશોમાં પરિવહન ખર્ચ થાય છે તે (D) ઉપરોક્ત તમામ

24. ડેવિડ રિકાર્ડોએ આંતરરાષ્ટ્રીય વ્યાપારના તેમના સિદ્ધાંતમાં ક્યા ખર્ચને ધ્યાને લીધું છે?
(A) સ્થિર ખર્ચ (B) અસ્થિર ખર્ચ (C) વાસ્તવિક ખર્ચ (D) નાણાકીય ખર્ચ

25. આંતરરાષ્ટ્રીય વ્યાપાર અંગેનો નિરપેક્ષખર્ચનો સિદ્ધાંત કોણે રજૂ કર્યો ?
(A) પ્રો. એડેમ સ્મિથ (B) પ્રો. ડેવિડ રિકાર્ડો (C) પ્રો.હેબરલર (D) પ્રો.હેકસર- ઓહલિન

26. આંતરરાષ્ટ્રીય વેપારનો પારસ્પરીક માંગનો સિદ્ધાંત ક્યા અર્થશાસ્ત્રીએ રજૂ કર્યો છે ?
(A) પ્રો. ડેવિડ રિકાર્ડો (B) પ્રો. જે એસ મિલ (C) પ્રો.હેબરલર (D) પ્રો. એડેમ સ્મિથ

27. " થિયરી ઓફ ઇન્ટરનેશનલ ટ્રેડ " પુસ્તક કોણે રજુ કર્યું ?
(A) પ્રો. એડેમ સ્મિથ (B) પ્રો. રિકાર્ડો (C) પ્રો.માર્શલ (D) પ્રો.હેબરલર

28. પ્રો. હેકસરે સાધન પરિમાણનો સિદ્ધાંત ક્યારે રજૂ કર્યો ?
(A) 1915 (B) 1919 (C) 1918 (D) 1920

29. ઉત્પાદના ક્યા સાધનોને ધ્યાનમાં રાખી પ્રો. હેકસર – ઓહલિને સિદ્ધાંત રજૂ કરેલ છે?
(A) મૂડી – શ્રમ (B) મૂડી – ભૂમિ (C) મૂડી – નિયોજક (D) મૂડી – વ્યાજ

30. પ્રો. હેકસર – ઓહલિનનો સિદ્ધાંત રિકાર્ડોના સિદ્ધાંત સાથે કેવો છે?
(A) હરીફ (B) સ્થિર (C) ગતિશીલ (D) પૂરક

31. પ્રો. લિયોન્તિફે સિદ્ધાંતની રજૂઆત ક્યારે કરી ?
(A) 1951 (B) 1947 (C) 1938 (D) 1956

32. શ્રમના બધા એકમો સમાન છે તેવું અનુમાન ક્યા સિદ્ધાંતમાં કરવામાં આવ્યું છે?
(A) વૈકલ્પિક ખર્ચ તફાવત (B) સાધન –પ્રમાણ તફાવત (C)તુલનાત્મક ખર્ચ તફાવત (D) પારસ્પરિકમાંગ તફાવત

33. WTO અનુસાર 2013માં વસ્તુઓની આયાતમાં ભારતનો ક્રમ દુનિયામાં કેટલામાં હતો ?
(A) 15 (B) 20 (C) 31 (D) 12

34. નિકાસ વધારવા માટે ભારતમાં SEZ માટેનો કાયદો ક્યારે થયો ?
(A) 2004 (B) 2005 (C) 2008 (D) 2012

35. વિશ્વ વ્યાપાર સંગઠનની સ્થાપના ક્યારે થઈ?
(A) 1991 (B) 1993 (C) 1947 (D) 1995

36. GATT (ગેટ) સમજૂતી ક્યારે થઈ હતી ?
(A) 1947 (B) 1991 (C) 1950 (D) 1980

37. વિશ્વવ્યાપાર સંગઠનમાં કૃષિ સમજૂતીમાં શા ની જોગવાઈ કરાઇ છે?
(A) ખેત પેદાશોનું બજાર વિસ્તરણ (B) ખેતીમાં સબસિડી ઘટાડવી
(C) નિકાસમાં સ્પર્ધા વધારવી (D) ઉપરોક્ત તમામ

38. વિશ્વ વ્યાપાર સંગઠન કઈ મુખ્ય ધારણા સાથે સ્થપાયું છે?
(A) સ્પર્ધા વધશે તો વિકાસ થશે (B) વ્યાપાર વધશે તો વિકાસ થશે
(C) A અને B બન્ને (D) ગરીબી બેકરી દૂર કરવા રાજ્ય ની દરમ્યાનગીરી

39. 1947 માં GATT (ગેટ) પર સહી કરનાર દેશોની સંખ્યા કેટલી હતી?
(A) 23 (B) 33 (C) 44 (D) 55

40. WTOમાં ડમ્પિંગ વિરોધી સમજૂતીમાં શા ની જોગવાઈ કરાઇ છે.?
(A) ડમ્પિંગ થાય છે તેવું સભ્ય દેશે સાબિત કરવું. (B) સ્વદેશી ઉધ્યોગોને નુકસાન થાય છે તે સાબિત કરવું।
(C) ડમ્પિંગ વિરોધી જકાતનો અંત કરવો (D) ઉપરોક્ત તમામ

41. 1994 માં ઉરુગ્વે રાઉન્ડની સમજૂતી થઈ ત્યારે ગરીબ દેશો માટેની ખાસ જોગવાઇઓ કેટલી હતી ?
(A) 145 (B) 107 (C) 22 (D) 57

42. આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળ નો ક્યો ઉદ્દેશ્ય નથી ?
(A) આંતરરાષ્ટ્રીય વેપારનો સ્થિર – સમતોલ વિકાસ (B) વિનિમય અંકુશો ની નાબૂદી
(C) લાયસન્સ આપવા (D) લેણદેણ ની તુલાની ખાધ દૂર કરવી.

43. આંતરરાષ્ટ્રીય નાણાંભંડોળની સ્થાપના ક્યારે થઈ?
(A) 1945 (B) 1947 (C) 1991 (D) 2001

44. વિશ્વબેન્કનો (IBRD) નો ક્યો ઉદ્રેશ્ય નથી?
(A) શાંતિ અને સલામતી પૂરી પાડવી (B) પુન: રચના અને વિકાસ (C) લાંબાગાળાનું મૂડી રોકાણ (D) અન ઉત્પાદક ખર્ચ

45. 2017 માં વિશ્વબેન્કના સભ્ય દેશોની સંખ્યા કેટલી હતી ?
(A) 180 (B) 189 (C) 185 (D) 192

46. વિશ્વબેન્કની કામગીરી નીચેનામાંથી કઈ નથી ?
(A) રાજકોષીય નીતિ ઘડવી (B) આર્થિક વિકાસ – વુધ્ધિ
(C) પર્યાવરણ જાળવણી (D) પાયાની સુવિધા વધારવી

47. વિશ્વબેન્કનો (IBRD) ની શરૂઆતમાં સભ્ય દેશોની સંખ્યા કેટલી હતી ?
(A) 35 (B) 65 (C) 44 (D) 80

48. WTO ની મંત્રી પરિષદ ડિસેમ્બર – 2015 માં ક્યા મળી હતી ?
(A) નૈરોબી (B) જિનિવા (C) દોહા (D) કેરો

49. WTO માં માહિતી ટેકનોલોજી અંગેની સમજૂતી ક્યારે કરવામાં આવી ?
(A) 1990 (B) 1991 (C) 1994 (D) 1996

50. 1947 માં થયેલ GATT (ગેટ) સંધિ મુખ્યત્વે શાના માટે હતી ?
(A) ખેતી (B) ઉધ્યોગો (C) સેવાઓ (D) મિલકતો